જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૧/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૧૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૧૫૮	૧	૧૧૧૫૯	૧૭૨૮૯	૧	૧૭૨૯૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૫	૧	૬૬	૨૬૬	૬	૨૭૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૭૯૭૬	૯૯	૨૮૦૭૫	૨૯૧૬૯	૧૦૭	૨૯૨૭૬
	કુલ	૪૩૯૦૧	૧૦૧	૪૪૦૦૨	૫૨૯૪૯	૧૧૪	૫૩૦૬૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૩	૧૨,૧૧,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪૪૭	૨૪,૪૭,૦૦૦/-

<u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

<u>નરોડા પોલીસ સ્ટેશન</u>

<u>પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન "ઘરફોડ ચોરીના" ત્રણ આરોપીઓને કુલ્લે રૂ.૮૩,૦૮૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી - નરોડા સર્વેલંસ સ્કવોડ.</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ તેમજ મિલકત સબંધિ ગુના બનતા અટકાવવા સારૂ સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના "પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી" નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના સર્વેલંન્સ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો વિષ્ણુભાઇ હીરાભાઇ તથા પો.કો કિરણ કલપ્પા નાઓની સયુંક્ત બાતમી હકીકત આધારે નરોડા સુતરના કારખાના ખાતેથી આરોપી નામે (૧)ગોપાલ ઉર્ફે પોટલી સોમાભાઇ ઠાકોર ઉ.વ-૨૩ ધંધો-મજુરી રહે નારાયણનગરની ચાલી,કુમારશાળાની સામે,નરોડા ગામ,નરોડા,અમદાવાદ +૨=૩ નાને "નરોડા પોસ્ટે ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૩૫૨૧૦૧૬૬ /૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુનાના કામે ચોરી કરી ગયેલ (૧) લોખંડની પ્લેટોના કટીંગ કરેલા ટુકડા ૩૬ કિલો ૫૦૦ ગ્રામ (૨) લોખંડના ચક્કર ૬૧ કિલો ૪૦૦ ગ્રામ (૩) લોખંડની ગોળ શાફ્ટીંગ ૧૮ કિલો ૨૦૦ ગ્રામ (૪) લોખંડની સીંગલ પ્લેટ ૭ કિલો ૧૦૦ ગ્રામ જેનુ કુલ વજન ૧૨૩ કિલો ૨૦૦ ગ્રામ જેની કુલ્લે કિ રૂ ૩૦૮૦/- તથા ચોરીના કામે ઉપયોગ કરેલ સી.એન.જી રીક્ષા નં-જી.જે-૦૧-ટી.એફ-૦૪૭૧ કિ રૂ ૮૦,૦૦૦/- સાથે મળી કુલ્લે રૂ ૮૩,૦૮૦/- ના મુદ્દામાલ સાથે પકડી તા.૧૭/૦૧/૨૦૨૧ ના કલાક ૨૧/૩૫ વાગે ઉપરોક્ત ગુનાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૧૭/૦૧/૨૦૨૧.

<u>આરોપીઓના નામ</u>

(૧) ગોપાલ ઉર્ફે પોટલી સોમાભાઇ ઠાકોર ઉ.વ-૨૩ ધંધો-મજુરી રહે નારાયણનગરની ચાલી,કુમારશાળાની સામે,નરોડા ગામ,નરોડા,અમદાવાદ

(૨) સુમીત નરેન્દ્રસીંગ જાતે સીંગ ઉ.વ-૨૦ ધંધો-મજુરી રહે લીંબચવાસ,મીની કારીયાલેક ગેટ નં-૩ ની સામે,નરોડા,અમદાવાદ (૩) રાકેશ ઉર્ફે શનિ ભુપતભાઇ મારવાડી ઉ.વ-૨૦ ધંધો-મજુરી રહે કબીરપુરા,પોસ્ટ ઓફીસની બાજુમા,નરોડા,અમદાવાદ

<u>મુદ્દામાલ -</u> ચોરીના કામે ઉપયોગ કરેલ સી.એન.જી રીક્ષા નં-જી.જે-૦૧-ટી.એફ-૦૪૭૧ કિ રૂ ૮૦,૦૦૦/- તથા (૧) લોખંડની પ્લેટોના કટીંગ કરેલા ટુકડા ૩૬ કિલો ૫૦૦ ગ્રામ (૨) લોખંડના ચક્કર ૬૧ કિલો ૪૦૦ ગ્રામ (૩) લોખંડની ગોળ શાફ્ટીંગ ૧૮ કિલો ૨૦૦ ગ્રામ (૪) લોખંડની સીંગલ પ્લેટ ૭ કિલો ૧૦૦ ગ્રામ જેનુ કુલ વજન ૧૨૩ કિલો ૨૦૦ ગ્રામ જેની કુલ્લે કિ રૂ ૩૦૮૦/- સાથે કુલ્લે મુદ્દામાલ ૮૩,૦૮૦/-

<u>કામગીરી કરનાર અધિકારી / કર્મચારી</u>

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો.કિરણ કલપ્પા બ.નં.૮૪૫૨ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કો. પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કો. પંકેશ ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.રણજીતસિંહ પ્રતાપસિહ બ.નં.૪૯૯૦ તથા પો.કો. નરેન્દ્રસિંહ છત્રસીંહ બ.નં.૬૧૯૮ તથા પો.કો. પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દરીયાપુર પોલીસ સ્ટેશન

તા-૧૭/૧/૨૦૨૧ ના રોજ બંધ મકાનમાં ગેરકાયદેસર રીતે જુગાર રમતા ઈસમોને ઝડપી પાડતી દરીયાપુર પોલીસ

મહે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર ઝોન-૪ શ્રી રાજેશ ગઢીયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર એફ ડીવીઝન નાઓની મૌખિક સુચના આધારે તેમજ માર્ગદર્શન આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી આર.આઈ. જાડેજા તથા પોલીસ ઈન્સપેકટર શ્રી જે.બી. ચાવડા નાઓની મૌખિક સુચના આધારે તેમજ માર્ગદર્શન આધારે તા-૧૭/૧/૨૦૨૧ ના રોજ પો.સબ.ઈન્સ શ્રી કે.સી પટેલ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે સર્વેલન્સ સ્કોડના લોકરક્ષક સંજયસીંગ માનસીંગ બનં-૧૨૧૮ તથા લોકરક્ષક મેરામણભાઈ કિસાભાઈ બનં-૧૨૧૮૬ નાઓની બાતમી આધારે દરીયાપુર માતાવાળી પોળ મનં-૨૦૧૯ માં આરોપીઓ (૧) મોહમદહનીફ રસુલમીયા સૈયદ ઉ.વ-૬૦ રહે- મનં- ૨૦૧૯ માતાવાળી પોળ ભંડેરીપોળ પાસે દરીયાપુર અમદાવાદ શહેર +૮=૯ નાઓને ગે.કા રીતે બંધ મકાનમાં પૈસાપાનાથી નાણા હારજીતનો જુગાર રમતા -(૧) મોબાઇલ ફોન-૯ કિ.રૂ.૨૦,૫૦૦/- (૨) રોકડ નાણા રૂ.૧૮,૦૫૦/- (૩) ગંજીપાના નંગ -૫૨ કિંમત રૂ.૦૦/૦૦ તથા પ્લાસ્ટિકના ટોકન નંગ-૧૦૨ કિં. રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિં. રૂ.૩૮,૫૫૦/- નો મુદ્દામાલ સાથે ઝડપી પાડી સારી કામગીરી કરેલ છે. જે બાબતે દરીયાપુર પોલીસ સ્ટેશન ગુરન-૧૧૧૯૧૦૦૯૨૧-૦૦૯૫ થી જુગારધારા કલમ ૪,૫ મુજબ દાખલ કરેલ છે.

આરોપીઓરહે ૬૦-વ.મોહમદહનીફ રસુલમીયા સૈયદ ઉ (૧) - મનંમાતાવાળી પોળ ૨૦૧૯ - ભંડેરીપોળ પાસે દરીયાપુર અમદાવાદ શહેર(૨રહે ૭૦-વ.અબાજભાઈ મોહમદભાઈ અરબ ઉ (- મનં મોટી બલુચાવાડ દરીયાપુર અમદાવાદ ૧૫૭૬-(૩ ૫૮-વ.મુખ્તારએહમદ નુરમોહમદ શેખ ઉ (રહે- મનં ૧૩૮૬-સકરીયા બિલ્ડીંગ મોલની પોળ દરીયાપુર અમદાવાદ હફીઝમીયાં ગુલારસુલ (૪) રહે ૬૫-વ.શેખ ઉ- ૩૪૦૫ સૈયદ ભીખન ગલી પંજાબી હકીમની બાજુમાં દરીયાપુર અમદાવાદ રહે ૬૨-વ.મોહમદસરીફ ગુલાહુસેન શેખ ઉ (૫)-૨૦૧૦ રહેમાનપોળ કાલુપુર પાંચપટ્ટી દરીયાપુર અમદાવાદ રહે ૭૦-વ.એહમદઅલી ચાંદમીયા શેખ ઉ (૬)- મનંટોપીવાળાની પોળ ૧૪૯૦- કાલુપુર ટાવર પાસે દરીયાપુર અમદાવાદ(૭રહે ૫૨-વ.મોહમદસફી ઈબ્રાહીમભાઈ શેખ ઉ (- ૨૬૧૨ સોદાગરની પોળ ગલી નં કાલુપુર અમદાવાદ અમદાવાદ ૧૬-(૮મોહમદઅહેસાન (રહે ૩૫-વ.અસમતભાઈ પઠાણ ઉ- મનંબુરાન સોસાયટી ગુલમોહર સોસાયટીની બાજુમાં વટવા ૧- અમદાવાદ મુળ રહે ધીયાની પોળ કાલુપુર ટાવર રોડ દરીયાપુર અમદાવાદ ૧૩૧૦ -(૯ઈમરાન (રહે ૪૨-વ.મોહમદભાઈ શેખ ઉ- મનં સુઈગરાની પોળ પાંચકૂવા કાલુપુર અમદાવાદ ૨૨૨૮-

મુદ્દામાલ :- -(૧) મોબાઇલ ફોન-૯ કિ.રૂ.૨૦,૫૦૦/- (૨) રોકડ નાણા રૂ.૧૮,૦૫૦/- (૩) ગંજીપાના નંગ -૫૨ કિંમત રૂ.૦૦/૦૦ તથા પ્લાસ્ટિકના ટોકન નંગ-૧૦૨ કિં. રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિં. રૂ.૩૮,૫૫૦/- જે તપાસ અર્થે કબ્જે લીધેલ છે.

રેડ કરનાર અધિકારી/કર્મચારીઓ:- (૧) પો.સબ.ઈન્સ શ્રી. કે.સી. પટેલ દરીયાપુર પોલીસ સ્ટેશન (૨) મસઈ અકબરખાન શેરખાન બનં-૮૪૧૭ (૩) હેકો જીતેન્દ્રભાઈ સુરજીભાઈ બનં-૯૩૯૯ (૪) હેકો પુનમભાઈ વિઠ્ઠલભાઈ બનં-૭૭૫૧ (૫) હેકો ચંન્દ્રસીહ અજુભાઈ બનં-૪૧૯૦ (૬) પોકો ભરતભાઈ ગાડુંભાઈ બનં-૧૦૧૭૩ (૭) લોકરક્ષક સંજયસીંગ માનસીંગ બનં-૧૨૧૮ (૮) લોકરક્ષક રાહુલકુમાર અમરતભાઈ બનં-૧૨૭૬૨ (૯) લોકરક્ષક મેરામણભાઈ કિસાભાઈ બનં-૧૨૧૮૬ (૧૦)લોકરક્ષક ધનરાજસીહ દીપસીહ બનં-૮૨૮૮

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૩૬૫ લીટર દેશી દારૂ, ૧૭૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૮,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

બીનવારસી ભૃણ મળી આવ્યુ :- **સમાચાર યાદી નં.૧૧૮/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : તા.૧૭/૦૧/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે ગોતા વસંતનગર, ગોપાલ પાર્ક સર્કલ થી વડવાળા ચોક તરફ જતા રસ્તા વચ્ચે આવેલ ઇલેક્ટ્રીક પોલ નજીક રોડ ની સાઇડમા એક ૪ થી ૫ મહિનાના બાળકનુ ભૃણ (જેની જાતી ઓળખાયેલ ન હોય) બીનવારસી ત્યજી દેતા, સોલા હાઇકોર્ટ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ જાદવ ચલાવે છે.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૧૯/૨૦૨૧**

સાયબર ક્રાઇમ : પ્રવિણચંદ્ર કાળુભાઇ રાઠોડ (રહે.બાલ ગાયત્રી સોસાયટી વિભાગ-૧ હેમાલી ટાવર પાસે, એફ.સી,.આઇ. ઓફીસ પાસે, શ્યામલ ચાર રસ્તા સેટેલાઇટ) એ તા.૧૭/૦૧/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૨૦ થી તા.૧૬/૧૨/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે આરોપી (૧) Support @petrol pumpdelerrchayanpro.com ઇ-મેઇલ વાળી વ્યક્તી (૨) IOCL ના અધીકારી તરીકે ઓળખ આપનાર મો.નં. ૬૨૦૦૬૬૧૫૩૯ રાહુલકુમાર વર્મા નામની વ્યક્તિ તથા ૮૫૮૫૮૮૩૧૧૫ વરૂણ જયસ્વાલ નામની વ્યક્તિ (૩) Indian Oil corporation limited A/C No 706102010005053 IFSC UBIN563536BRANCH BANDRA EAST UNION BANK BRANCH MUMBAI નો ધારક (૪)INDIAN OIL CORPORATION LIMITED A/C NO 4312413794, IFSC KKBK0001377, BRANCH GHATKOPAR EAST KOTAK MAHINDRA BANK MUMBAI ના ધારકે ભેગામળી પ્રવિણચંદ્ર રાઠોડને પેટ્રોલ પંપની ડીલર શીપ અપાવાના બહાને રજીસ્ટ્રેશન પેટે તથા ડીલરશીપ સર્ટીફીકેટ પેટે ૧,૪૧,૭૦૦/- પ્રવિણચંદ્ર પાસે ભરાવડાવી, ભરેલા તમામ રૂપિયા રીફંડ મળશે તેવો વિશ્વાસ અપાવી તેમજ ડીપોઝીટ પેટે વધુ રૂપિયા ભરવાનુ જણાવતા, પ્રવિણચંદ્રએ પેટ્રોલ પંપની ડીલરશીપ કેન્સલ કરવા તથા અત્યાર સુધીમા ભરેલા રૂપિયા પાછા માગતા રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૧૨૦/૨૦૨૧**

ઓઢવ : યોગેશભાઇ નવીનચંદ્ર મોદી (રહે.કૃષ્ણનગર આદીનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૧/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૧૭/૦૧/૨૦૨૧ ના કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમમાં માળીયામા મુકેલ સુટકેશમાંથી એક સોનાની ચેઇન કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- તથા ૧ જોડી સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.રોહીત ચલાવે છે.

ઇસનપુર : સોહીલ અબ્દુલરહીમ મેમણ (રહે.ફ્લેટ નં-૧ આશીયાના ફ્લેટ મ્યુનિસીપલ સ્કુલની સામે દાણીલીમડા ગામ) એ તા.૧૭/૦૧/૨૦૨૧ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૧/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૧૧/૦૧/૨૦૨૧ ના કલાક ૯/૦૦ દરમ્યાન ચંડોળા નારોલ રોડ તૃપ્તી હોટલની બાજુમાં આવેલ “અલમદીના જનરલ સ્ટોર” નામની પોતાની દુકાનના પહેલા માળે આવેલ લોખંડનો દરવાજો નીચેથી ઉંચો કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી સિગારેટના પેકેટો, બીડીના પેકેટો, પાન મસાલાના પેકેટો અને તમાકુના મસાલાના પેકેટો મળી કુલ કિંમત રૂપિયા ૧,૧૬,૧૪૨/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

દાણીલીમડા : યુસુફમીયા નુરમીયા શેખ (રહે,અલમહમદી રો-હાઉસ ખજુરીના ઝાડ પાસે બેરલ માર્કેટ દાણીલીમડા) તા.૧૭/૦૧/૨૦૨૧ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૧/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૧૭/૦૧/૨૦૨૧ ના કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના તથા રોકડ રૂપિયા ૫,૦૦૦/- અને મોબાઇલ ફોન નંગ-૨ કુલ કિંમત રૂપિયા ૨,૫૦૦/- મળી કુલ રૂપિયા ૩૫,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

દિવાલ તુટી પડતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૨૧/૨૦૨૧**

નરોડા : રીતેષકુમાર સુનીલ રાય (ઉ.વ.૨૦)(રહે. શક્તિનગર ગલી નં.૨ શંકર ભરવાડાના મકાનમા, નાના ચિલોડા નરોડા) તા.૧૭/૦૧/૨૦૨૧ રાતના ૦૦/૩૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી. ફિઝ ૪ વિનાયક રોલીગ મીલ ખાતે નોકરી દરમ્યાન કામ કરતા-કરતા દીવાલ ટુટી પડતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિહ ભીમસિહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૨૨/૨૦૨૧**

વાડજ : સમીરભાઈ વિષ્ણુભાઈ પટેલ (ઉ.વ.૪૩)(રહે.ભાગવત કોમ્પ્લેક્ષ,આર.ટી.ટેકનીકની બાજુમા સોલા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૧/૨૦૨૧ સાંજના ૧૧/૦૦ વાગ્યાના સુમારે કોઈ ઝેરી દવા પી લેતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૧/૨૦૨૧ સાંજના ૬/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહિપાલસિહ રધુવીરસિહ ચલાવે છે.

ચાંદખેડા : રાકેશ ઈશ્વરભાઈ પરમાર (ઉ.વ.૩૦)(રહે.ગુરૂકૃપાનગર ગુ.હા.બોર્ડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૧/૨૦૨૧ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દવા પી લેતા, સારવાર અર્થે તેમને ચાંદખેડા એસ.એમ.એસ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૧/૨૦૨૧ સાંજના ૫/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિરેનકુમાર ભરતભાઈ ચલાવે છે.

કૃષ્ણનગર : પારસભાઇ રસિકલાલ રતિલાલ ડોસલીયા(જૈન) (ઉ.વ.૩૧)(રહે.પાયલપાર્ક સોસાયટી, નયનનગર કૃષ્ણનગર)એ અગમ્ય કારણસર તા.૧૬/૦૧/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ગુજરાત હાઉસિંગ બોર્ડ ફ્લેટના ત્રીજા માળના ધાબા પરથી પડતુ મુકતા શરીરે ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કેશવકુમાર બબાભાઈ ચલાવે છે.

સરદારનગર : દિલીપભાઇ શ્યામલાલ મેઘનાની (ઉ.વ.૪૪)(રહે:ચાંદની ફ્લેટ બંગ્લા એરીયા કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા:૧૭/૦૧/૨૦૨૧ સાંજના ૭/૨૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિંજેશભાઇ નૈલેષભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી